
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

નવનિર્મિત જિનાલય

શ્રી શત્રુંજય ગિરિરાજ



પ્રતિષ્ઠા મહોત્સવ

સં. ૨૦૩૨ મહા સુદ ૭

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૩ ] ફેબ્રુઆરી : ૧૯૭૬ [ અંક : ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. શ્રી વિજયવલ્લભસૂરી વર્ણનાષ્ટકમ્ | પં. પૂર્ણાનંદવિજય | ૪૩ |
| ૨. આહાર અને વિહાર | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૪ |
| ૩. ધર્મગુરુ | શ્રી જનક દવે | ૪૮ |
| ૪. નારી જાતિ; કેટલી યોગ્ય-કેટલી અયોગ્ય | મૂ. લે. મુનિ નેમિચંદ્ર | ૫૧ |
| ૫. સમાચાર | | ૫૫ |



રજીસ્ટ્રેશન એ ફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ"

## સંબંધમાં નાચેનો વિગતા પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ પ્રસિદ્ધિ સ્થળ | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર, |
| ૨ પ્રસિદ્ધિ ક્રમ | : | દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ |
| ૩ મુદ્રકનું નામ | : | શ્રી ગીરધરલાલ ફુલચંદ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર |
| ૪ પ્રકાશકનું નામ | : | શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ-ભાવનગર |
| ૫ તંત્રીનું નામ | : | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ ભાવનગર |

૬ સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૨-૭૬

તંત્રી :
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી પ્રવિણચંદ્ર ફુલચંદ શાહ

### જીવનની ટુંકી રૂપરેખા



સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ અને રળિયામણી નગરી મધુપુરી-મહુવાના મૂળ વતની શ્રી પ્રવિણચંદ્ર ફુલચંદ શાહનો જન્મ તેના મોસાળ તળાજામાં સં. ૧૯૭૭ના અષાડ સુદિ ૮ મંગળવાર તા. ૧૨-૭-૧૯૨૧ના દિવસે થયો હતો. તેમના સ્વ. પિતાશ્રી શ્રી ફુલચંદ ખુશાલચંદ શાહ મહુવાની એક અગ્રગણ્ય, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી વ્યક્તિ હતા. આજથી ૮૫ વર્ષ અગાઉ માત્ર પંદર વર્ષની ઉંમરે તેઓ મુંબઈ આવનાર ઘોઘારી વિશાશ્રીમાળીની ગણીગાંઠી વ્યક્તિઓ પૈકીના એક હતા. પોતે અત્યંત સેવાભાવી અને પરગજુ હતા. એટલે તે સમયે અનેક નવા મુંબઈ આવતા આપણા ઘોઘારી જૈન મહાનુભાવોને તેઓ યોગ્ય વ્યવસાય શોધી આપતા. આ રીતે તેઓ માત્ર મહુવાના આગેવાન જૈન ન રહેતાં મુંબઈના સમસ્ત ઘોઘારી જૈન ભાઈઓના પણ આગેવાન હતાં. તેઓ અત્યંત નીડર સ્પષ્ટ વક્તા અને દીર્ઘદષ્ટા હતાં. શ્રી પ્રવિણચંદ્રભાઈના માતુશ્રીએ પણ પતિની સેવાભાવનો વારસો અખંડ રીતે જાળવી રાખ્યો છે. વૃદ્ધાવસ્થા છતાં તેઓ આજે શ્રી માટુંગા જૈન સંઘના મહિલા મંડળના પ્રમુખ તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. શ્રી ફુલચંદભાઈ ૮૫ વર્ષનું તંદુરસ્ત આયુષ્ય ભોગવી આજથી સોળ વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયાં છે.

શ્રી પ્રવિણચંદ્રભાઈને ત્રણ ભાઈઓ છે. ડૉ. ચંદુલાલભાઈ, શ્રી ધીરજલાલભાઈ અને શ્રી અનંતરાયભાઈ. ડૉ. ચંદુલાલભાઈ અમદાવાદમાં વાડીલાલ સારાભાઈ હોસ્પીટલમાં ચામડી અને ગુપ્ત દર્દો વિભાગના વડા અને પ્રોફેસર છે. તેઓ ગુજરાત તેમજ રાજસ્થાનમાં આ વિષયના પ્રથમ નિષ્ણાત છે અને ઘણા વરસોથી અમદાવાદમાં કન્સલટીંગ પ્રેકટીસ કરે છે. શ્રી ધીરજલાલભાઈ અને શ્રી અનંતરાયભાઈ બંને શ્રી પ્રવિણચંદ્રભાઈ સાથેના જ ધંધામાં છે.

શ્રી પ્રવિણચંદ્રભાઈની કારકીર્દી બહુ નાની વયે જ શરૂ થઈ શરૂઆતમાં લગભગ ત્રણેક વરસ શેર બજારમાં કામ કરી તેઓ મેસર્સ પી. બી. શાહ એન્ડ કંપની સાથે જોડાયા અને ટુંક સમયમાં જ તેનો વહીવટ કુશળતાપૂર્વક સંભાળી લીધો ત્યારબાદ સત્તાવીસ વર્ષની વયે તેમણે પોતનો સ્વતંત્ર ધંધો ઈ સ. ૧૯૪૮માં મેસર્સ શાહ પટેલ એન્ડ કંપનીના નામથી શરૂ કર્યો. આ ધંધામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી, તેમના વ્યવસાયમાં એક આગેવાન વેપારી તરીકે ઉચ્ચ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. મેસર્સ શાહ એન્ડ કંપની મુખ્યત્વે સીમલેસ પાઇપ્સ અને ફીટીંગ્ઝ, સ્ટેનલેસ સ્ટીલ પાઇપ્સ અને ફીટીંગ્ઝ બોલ બેરીંગ્ઝ, શાફટીંગ્ઝ પુલીઝ તેમજ લોખંડનું કામ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના ધંધાના વિકાસ અર્થે શ્રી પ્રવિણચંદ્રભાઈ, તેમના સુશીલ પત્ની, પુત્રી ચિ. રંજન તેમજ ભત્રિજી ચિ. આશા સાથે અમેરિકા તેમજ કેનેડાની મુસાફરી કરી આવ્યા છે.

ઓગણીસ વર્ષની વયે તેમના લગ્ન ઇ. સ. ૧૯૩૯માં મહુવાના સુપ્રસિદ્ધ જૈન શ્રેષ્ઠિ શ્રી હીરાચંદ દુર્લભદાસના સુપુત્રી શ્રી વેણિબેન સાથે થયા બંને કુટુંબો મહુવામાં બહુ જ જાણીતા અને સંસ્કારી એટલે આ લગ્ન સોનામાં સુગંધ મળવા જેવું થયું. શ્રી વેણિબેન પણ અત્યંત સંસ્કારી અને માયાળુ છે અને તેમના આતિથ્ય સત્કાર માટે અત્યંત પ્રસિદ્ધ છે. જીવનમાં કોઇ પણ માનવીને માત્ર પોતાના પુરુષાર્થથી સફળતા પ્રાપ્ત થઇ શકતી નથી. સફળતા માટે પુરુષાર્થ કરતાં પત્નીનું ભાગ્ય સવિશેષ કામ કરતું હોય છે તેથી જ આપણા ઋષિ મુનિઓએ સ્ત્રીઓને લક્ષ્મીની ઉપમા આપેલ છે અને નવું આગંતુક બાળક જો પુત્રી હોય તો તેને લક્ષ્મીજી પધાર્યા એમ કહેવાય છે. આ વેણિબહેનમાં ધર્મના ઊંડા સંસ્કાર છે અને તેમની રીતભાતે શ્વશુર અને પિયરનાં કુટુંબને દીપાવ્યા છે, દાંપત્ય-જીવનના ફળ રૂપે શ્રી પ્રવિણચંદ્રભાઈને ત્રણ સુપુત્રો અને એક સુપુત્રીની પ્રાપ્તિ થઈ છે આખુંયે કુટુંબ સંસ્કારી અને કેળવાયેલું હોઇ, માતાપિતાએ પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારનો વારસો આપેલો છે. મોટા પુત્ર શ્રી કિરીટભાઈ અમેરિકા જઈ એમ. એસ. થઈ આવેલા છે તેઓ ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયર છે અને થોડા સમય પહેલાં જ તેમના લગ્ન થઈ ગયા છે. તેમના બીજા પુત્ર શ્રી નરેશભાઈ અમેરિકામાં છે, તેઓ પણ એમ. એસ. (સ્ટ્રક્ચરલ એન્જિનિયર) થયા છે. સૌથી નાના પુત્ર ચિ. ગૌતમભાઇ અત્યારે મુંબઈમાં જ ઇન્ટર કોમર્સનો અભ્યાસ કરે છે. તેમના પુત્રી રંજનબેન ગ્રેજ્યુએટ છે અને તેના લગ્ન આ સભાના પેટ્રન શ્રી પોપટલાલ નરશીભાઈ પોંદાના સુપુત્ર શ્રી પ્રવિણભાઇ સાથે થયા છે. આ પ્રવિણભાઇ પણ અમેરિકા જઇ એમ. એસ. થઇ આવેલા છે.

શ્રી પ્રવિણચંદ્રભાઇએ ધંધા ક્ષેત્રે જેવી સફળતા પ્રાપ્ત કરી છે, તેવી જ સફળતા તેમણે સેવા ક્ષેત્રે પણ પ્રાપ્ત કરી છે. મહારાષ્ટ્ર સરકારે તેમની સેવાની કદર કરી આજથી ત્રણેક વર્ષ પહેલાં જે. પી. ની પદવી એનાયત કરી હતી. જે પ્રસંગે જૈન સમાજ તરફથી તાલધ્વજ હોલ, મુંબઈમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. હવે જે. પી.ને બદલે તેઓ Special Executive Magistrate છે.

ધંધાની સાથોસાથ તેઓ સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પોતાની સેવાનો ફાળો આપે છે. શ્રી યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમ મહુવા તેમજ માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના તેઓ ટ્રસ્ટી છે. મહુવા યુવક સમાજના તેઓ પ્રમુખ છે. સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ મુંબઇને તેઓએ ટ્રેઝરર તરીકે પોતાની સેવા આપી છે અને હાલમાં આ સંસ્થાને એક સભ્ય તરીકે સેવા આપે છે. મહુવા જૈન મંડળના પણ તેઓ મંત્રી છે તેમજ માટુંગા ઘોઘારી જૈન મિત્ર મંડળના ઉપપ્રમુખ છે. આમ વિવિધ ક્ષેત્રે તેમજ અનેક વેપારી એસોસીએશનમાં તેઓ પોતાની સેવા આપે છે. બોટાદ વિદ્યાર્થી ગૃહમાં તેમના વતી એક સ્કોલર ભણી શકે તેવી પણ વ્યવસ્થા તેમના તરફથી થયેલી છે.

આ રીતે આપણા સમાજની શોભારૂપ અને ધર્મનિષ્ઠ શ્રી પ્રવિણચંદ્રભાઈ જેવા સેવાભાવીને પેટ્રન તરીકે પ્રાપ્ત કરી અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે અનેક શુભ કાર્યો થાય એવી શુભ મનોકામના સેવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૩ | વિ. સ. ૨૦૩૨ મહા :: ઇ. સ. ૧૯૭૬ ફેબ્રુઆરી | અંક : ૪

## विजयवल्लभसूरि–वर्णनाष्टकम्

पञ्जाबवासिनां प्राणं, मरुस्थानां हितैषिणम् ।
वल्लभाख्य जगत्ख्यातमाचार्यं स्तौमि भावतः ॥ १ ॥

नवनीतसमो देह; कार्याणि सन्ति वज्रवत् ।
परस्परविरोधित्व–मित्थमधिगत कुतः ॥ २ ॥

विधुरिव मुखं भाति सौम्यमाह्लादकं तथा ।
चन्द्रे कलङ्कमालिन्यं कलानाश्च, न त्वयि ॥ ३ ॥

अर्धचन्द्राभभालं ते शोमिनं मोददायकम् ।
कृष्णपक्षे निशास्वामी, दृष्ट्वा नूनमुदेति न ॥ ४ ॥

दृष्ट्वाऽऽकृति शुभां भव्या विदन्ति न मुद कथम् ।
चन्द्रं दृष्ट्वा समुद्रोऽपि हर्षमेतीति निश्चयः ॥ ५ ॥

रामात्यागी मोक्षाकांक्षी वृत्तेरागी मायाध्वंसी ।
इच्छादेव्याः पुत्रो दान्तः शिक्षोद्धारे देहं द्वेष्टि ॥ ६ ॥

वल्लभेन्दौ समायाते गगने तपगच्छके ।
अन्धश्रद्धोदितं जाडयं मन्दीभूतं घनं क्षणात् ॥ ७ ॥

पूर्णानन्द चलीकृत्यं नवनीतेन चोदिताः ।
गुणास्तस्य प्रधावन्ति निरंकुशा जगत्त्रये ॥ ८ ॥

રચયિતા : પં. પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આહાર અને વિહાર

લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

દેહ, કાયા કે શરીરનું ધારણ પોષણ કરવા માટે બધાને આહાર કરવો પડે છે. શાસ્ત્રકારોની ભાષામાં કહીએ તો બધા સંસારી જીવો આહાર સંજ્ઞાથી યુક્ત છે, એટલે તેમની પ્રથમ વાસના આહાર કરવાની રહે છે. જીવ એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરવા માટે નવીન જન્મ-ક્ષેત્રમાં પ્રવેશ કરે છે, ત્યારે પ્રથમ કાર્ય આહાર ગ્રહણ કરવાનું જ હોય છે. આ કારણે છ પર્યાપ્તિઓમાં આહાર પર્યાપ્તિને પ્રથમ મૂકવામાં આવી છે. આહાર કરવાની કડાકૂટ તો તેમને જ નથી, કે જેમણે સકલ કર્મનો નાશ કરીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. શાસ્ત્રકારોએ તેમના પદને અણાહારી કહ્યું છે.

કેટલાક લોકો કહે છે કે 'આપણે તો પેટ ભરવાનું કામ છે, માટે જે મળ્યું તે ખાઇ લેવું, તેમાં લાંબી ચોળાચોળ શી?' પરંતુ આ વાત યથાર્થ નથી. પેટ એ કાગળની કોથળી, શણની થેલી કે ઉકરડો નથી કે જેમાં ગમે તે વસ્તુ નાખી શકાય. એ તો જીવન્ત શરીરનો એક મહત્ત્વનો ભાગ છે, અને તેમાં જે કોઈ વસ્તુ, ચીજ કે પદાર્થ નાખવામાં આવે છે તેની પ્રતિક્રિયા થાય છે એટલે કે સમસ્ત દેહ તથા મન પર તેની ભારે અસર થાય છે. આપણે જેને પશુઓ કહીએ છીએ અને આપણાથી ઉતરતી કોટિના માનીએ છીએ, તેઓ પણ સહુથી પહેલાં વસ્તુને સૂંઘે છે, તપાસે છે અને પોતાને માફક આવે તેવી હોય તો જ તેનું ભક્ષણ કરે છે, તો પછી વિવેકથી વિભૂષિત થયેલા આપણે મનુષ્યો કોઇ પણ વસ્તુનું ભક્ષણ પૂરતો વિચાર-પૂરતી તપાસ કર્યા વિના કેમ કરી શકીએ? સારાસાર કે હિતાહિતની વિચારણાને 'ચોળાચોળ' કહી તેના પ્રત્યે ઉપેક્ષા દાખવવી કે તેનું મૂલ્ય ઓછું આંકવું એ ડહાપણની નિશાની નથી. એ રીતે વર્તવાથી તો આપણો કોઈ પણ વ્યવહાર સફળ થવાની આશા રાખી શકાય જ નહિ.

શરીરનું આરોગ્ય જાળવવા માટે મિતાહારી (મિત-આહાર અર્થાત્ પરિમિત માપેલો આહાર) બનવું જરૂરી છે. પૂ. ગાંધીજીએ મિતાહાર સંબંધે લખતાં કહ્યું છે કે, "ખપની શક્તિ કરતાં વધારે શક્તિ શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે" આ વાત બહુ સમજવા જેવી છે. જેટલું કામ કરવાનું હોય એટલી જ શક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. વધારાની શક્તિથી લાભ નથી. વધારાની શક્તિ ચિત્ત અને ઇન્દ્રિયોમાં વિકાર પેદા કરે છે.

તંદુરસ્તી માટે જેમ શુદ્ધ આહારની જરૂર છે, તેમ શુદ્ધ વર્તનની પણ જરૂર છે. વર્તન માટે આરોગ્યશાસ્ત્રમાં 'વિહાર' શબ્દ વાપર્યો છે. હિત-આહારની સાથે હિત-વિહારનું સેવન કરનાર જ તંદુરસ્તી ભોગવી શકે છે. અમૃત જેવો આહાર પણ અહિત વિહારનાં કારણે ઝેર બની જાય છે. આહાર પથ્ય હોવા છતાં જીભની લાલચને વશ થઈ અકરાંતિયા બનીને ખાવામાં આવે, તો તે કારણે ખટાશ અને અપચો પેદા થાય છે. પંચમહાવ્રતધારી સાધુઓના માટે પણ ધર્મશાસ્ત્રો અનુસાર ગોચરી સંબંધે કડક નિયમોનું પાલન કરવું પડે છે સાધુ ભગવતો આહાર પાણી વ્હોરાવતી વખતે, જો તેમાં ન લઈ શકાય તેવો પદાર્થ (પછી તે ગમે તેટલો સુંદર અને સ્વાદિષ્ટ હોય) હોય તો નથી લેતાં, તેમ જ મનથી પણ નથી ઇચ્છતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહારનો સંબંધ જેટલો શરીર સાથે છે, તેટલો જ મન સાથે પણ છે. अन्न बंन्नन सोम्यं मन: મનોમયતત્ત્વ અન્નની સાથે જોડાયેલું છે. તેથી જ કહેવાય છે જેવું અન્ન તેવું મન. દુષિત આહાર લેતાં મન દુષિત થાય છે અને સંયમ તૂટી પડે છે. વ્યક્તિનું જેવું ભોજન પીણું હશે એના જેવું જ એનું આચરણ પણ થઈ જાય છે. આ સંબંધમાં આપણે ત્યાં એક સુંદર દૃષ્ટાંત આપતા કહ્યું છે કે. ચંપાપુરીમાં સાગરદત્ત નામના એક શેઠ રહેતા હતા. તેને ભદ્રા નામની સુશીલ અને સમજુ પત્ની હતી. શેઠ સાધન સંપન્ન, આત્માર્થી અને વિવેકી હતા. ભદ્રા પણ ધર્મનિષ્ઠ હતી અને એક બીજાને અત્યંત વફાદાર હતા. તેમના દાંપત્ય જીવનમાં ધર્મ-અર્થ કામનો ત્રિવેણી સંગમ થયો હતો. સંસારમાં અને તેમાંય આ કલિકાળમાં દરેક વાતે સુખી હોય એવા કોઈ સ્ત્રી પુરુષ તો શોધ્યા પણ મળી શકે તેવું નથી. સાગરદત્ત અને ભદ્રાને કોઈ સંતાન ન હતું અને હવે તો સંતાન થવાની કોઈ આશા પણ નહોતી. તેમ છતાં બંનેએ મન વાળી લીધું કે આપણા પૂર્વ ભવમાં કોઈ જીવ સાથે લેવા દેવાનું નહિ હશે, એટલે આપણે ત્યાં આ જન્મે કોઈ લેણદાર કે દેવાદારનો જન્મ નથી થયો.

ઘરકામ અર્થે બાળપણમાં વિધવા થયેલી એક ગંગાબાઈને ઘરમાં રાખી લીધી હતી. ભદ્રા અને ગંગાનો સંબંધ માતા પુત્રી જેવો હતો. ગંગા પણ ત્યાં જ ખાતી, પીતી અને રહેતી. શેઠના કુટુંબનાં એક અંગ જેવી એ બની ગઈ હતી. બાઇ પણ પવિત્ર, અત્યંત ધર્મનિષ્ઠ અને સચ્ચરિત હતી. ઘરકામ સિવાય જ્યારે પણ સમય મળે ત્યારે ધર્મગ્રંથો જ વાંચતી હોય.

શેઠ અને શેઠાણી બંને સાથે જ જમવા બેસે તેમજ બપોરની ચા પણ સાથે જ લે. એક દિવસે બપોરે ભદ્રા જ્ઞાતિમાં કોઈનું મરણ થયેલું હોવાના કારણે દિલાસો આપવા ગઈ હતી. સાગરદત્તશેઠ નિદ્રામાંથી જાગ્યા એટલે ગંગા તેમને માટે ચા તૈયાર કરીને આપી ગઈ. શેઠે ચા પીધી અને થોડા વખત પછી ગંગા ત્યાં ખાલી કપ લેવા પાછી આવી. શેઠે ગંગાને પોતાના માટે પાન તૈયાર કરી આપવાનું કહ્યું. શેઠ અને ગંગા વચ્ચેનો વહેવાર પણ પિતા-પુત્રી જેવો હતો. એટલે ગંગા પાન તૈયાર કરી શેઠને આપવા ગઈ, પણ પાન લેતી વખતે શેઠે ગંગાનો હાથ પકડી લીધો. ગંગા વિધવા સ્ત્રી હતી, પણ પુરુષનાં કામુક ભાવોને સમજવાની શક્તિ તો કુદરતે સ્ત્રી જાતિને જન્મસિદ્ધ જ અર્પેલી છે. ગંગાએ શેઠના ચક્ષુઓમાં સાપોલિયા જોયા અને તેણે ચીસ પાડી એટલે શેઠને હાથ છોડી દેવો પડયો, કારણ કે ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં. સર્પના મુખમાંથી છૂટી ગયેલી દેડકીની માફક ગંગા અશ્રુભીની આંખે રસોડામાં દોડી ગઈ.

એ જ વખતે ભદ્રા શેઠાણીએ બહારથી આવી ઘરમાં પ્રવેશ કર્યો, અને ગંગાને રડતી જોઈ આશ્ચર્ય પામ્યાં. રોવાનું કારણ પૂછતાં જવાબ આપવાને બદલે ગંગા તો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી, પણ કશું બોલી નહીં. ભદ્રાએ તેને શાંત પાડી જોટલે એની ગેરહાજરીમાં જે બની ગયું તે ગંગાએ કહ્યું અને બોલી: "બા! હું શું કહું? જળમાંથી અગ્નિ પ્રજ્વલિત થાય અને વાડ જ ચીભડાં ગળે ત્યાં તેની ફરિયાદ કયાં કરવી? પિતા સ્વરૂપ શેઠના અંતરમાં છૂપાયેલા કામરૂપી ઝેરી સર્પના દંશમાંથી આજે તો બચી ગઇ, પણ હવે આ ઘરમાં મારાથી રહી શકાય તેવું ન રહ્યું."

વરસોથી ભદ્રા પોતાના પતિના સ્વભાવ અને પ્રકૃતિને જાણતી હતી અને પતિ પ્રત્યે તેને અપાર શ્રદ્ધા અને ભક્તિ હતા. આવું નિંદ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામ પોતાનો પતિ કદાપિ પણ ન કરે તેની તેને ગળાબૂડ ખાતરી હતી લાગણીની વાત આવે ત્યારે બુદ્ધિ કુંઠિત થઇ જાય છે, પરંતુ સત્ય ઘણીવાર માણસની કલ્પના કરતાં જુદું જ હોય છે. સુશીલ સ્ત્રીનો પતિ દુરાચારી હોય તો પણ તેવી સ્ત્રી પતિને સદાચારી જ માનશે. માણસની દૃષ્ટિએ જગત–પોતે જેવો હોય–તેવું જ દેખાય છે. ભદ્રાએ વિચાર્યું કે ગંગા કહે છે તેવું કાંઈ બન્યું હોય તો પણ, તેના મૂળમાં દોષ તો તેનો જ હોવો જોઇએ, કારણ કે તેણે સંસારનું સુખ ભોગવ્યું નથી, એટલે પછી ભૂખાળવા સ્ત્રી પુરુષોને કોઇના એઠામાં મોં ઘાલવાનું મન થાય છે. વિધવા સ્ત્રીઓની આ પણ એક મોટામાં મોટી કમનસીબી છે કે. તેનો દોષ ન હોય તો પણ આવું કાંઇક બને, ત્યારે લોકો તેને જ દોષિત માનવાના. શિથિલ ચારિત્રના પુરુષને ડાઘ લાગતો નથી, પણ સ્ત્રી જરા પણ ચૂકે તો સમાજથી તે તિરસ્કૃત બની જવાની–અને પાછા કહેવાતા શાણા લોકો વાત પણ કરે કે સ્ત્રી પુરુષના આત્મા તો સમાન છે! હાથીનાં દાંત દેખાડવાના જુદા અને ચાવવાનાં પણ જુદાં.

ગંગાને ઉધડી લેતા ભદ્રા શેઠાણીએ કહ્યું: "મારા પતિની વિરુદ્ધમાં એક પણ શબ્દ બોલીશ નહીં. ચાલીસ ચાલીસ વરસોથી, જ્યારે તારો જન્મ નહોતો થયો, ત્યારથી એમનું પડખું હું સેવતી આવી છું. મારા સિવાય અન્ય સ્ત્રીની સામે તેણે જોયું નથી. શીલ અને સદાચારની બાબતમાં તો તે અજોડ છે"

ભદ્રા શેઠાણીના ગુસ્સાની માત્રા વધતી ગઈ. ગંગા અને ભદ્રા વચ્ચે થતી વાતચીત બાજુના ઓરડામાં શેઠ સાંભળતા હતાં. પોતાનાથી કેવું અધમ આચરણ થઇ ગયું તે વાત તેને સમજાણી. પોતાના ચારિત્ર માટે ભદ્રાને કેવું અભિમાન છે તે તેમણે જોયું અને તેના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. પોતે આત્માર્થી હતા એટલે વિચાર્યું કે જીવનમાં કયારેય જે ભૂલ થવા નથી પામી, એ આજે મારા હાથે કેમ થઇ? વિચાર કરતાં કરતા તેને ખ્યાલ આવ્યો કે ગંગા ચા આપવા આવી ત્યારે તો એનું ચિત્ત સ્થિર હતું, પણ ચાનો ખાલી કપ પાછો લેવા આવી ત્યારે તેનું મન વિકૃત દુષિત બની ગયું અને દારુડિયો જેમ નશામાં ભાન ભૂલી જાય છે તેમ ભાનભૂલી વાસનાને આધીન થઈ તેણે ગંગાનો હાથ પકડ્યો. તેને ખાતરી થઇ કે ચા માં જ કોઈ એવા પરમાણુ હોવા જોઇએ કે જેણે મારી બુદ્ધિ ભ્રષ્ટ કરી. તુરત જ તેણે ઉલટી કરવાની ફાકી લીધી અને ઉલટી થયા બાદ રસોડામાં જ્યાં ગંગા અને ભદ્રા વાતચીત કરી રહ્યાં હતાં ત્યાં ગયા. પાપમાં પણ એક જબ્બર શક્તિ રહેલી છે. આત્માર્થીના હાથે પાપ થઇ જાય તો તે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા સિવાય તેને જંપ વળતો નથી. રીઢા પાપીની વાત જુદી છે. સાગરદત્ત શેઠ રસોડામાં જઈ ગંગાને પગે પડ્યાં અને પોતાનાથી થઇ ગએલા અપરાધની ક્ષમા માગી. પત્ની સમક્ષ પોતાનો દોષ કબૂલ કરી હળવો બન્યો અને ગદ્‌ગદિત કંઠે કહ્યું: "ચા માટે આજનું દૂધ કયાંથી આવેલું તેની તપાસ થવી જરૂરી છે, કારણ કે યુવાન વયમાં પણ જ્યારે મારૂં મન વિચલિત થતું ત્યારે તેને વશ ન થતાં હું તેનો સામનો કરતો. આજે તો હવે હું વૃદ્ધ થયો છું. જીવનમાં આજે આવી પ્રથમ ભૂલ થઈ, પણ તેનું યે કોઇ કારણ તો હોવું જ જોઇએ. કારણ વિના કાર્ય ન બને." પછી ગંગાએ કહ્યું કે દૂધ આપવાવાળી બાઈ બિમાર હોવાના કારણે બીજી કોઇ બાઇ તેનાવતી દૂધ આપી ગયેલી. અને તપાસ કરતાં માલુમ પડ્યું કે તે દિવસે બપોરે કોઈ કુલટાને ત્યાંથી દૂધ આવ્યુ હતું અને તેની ચા પીધા પછી જ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ખાવા પીવાના પદાર્થોમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલી બધી કાળજી રાખવી જરૂરી છે, તે આ વાત પરથી સમજી શકાશે.

જે સંયમી છે તેને હંમેશા સાત્ત્વિક વિચારો જ આવશે. આ જ સંયમનું મોટામાં મોટું ફળ છે અને તે પરલોકમાં તેમજ આલોકમાંયે પ્રાપ્ત થાય છે. સંયમી માનવ હંમેશાં સાત્ત્વિક અને શુદ્ધ આહાર જ લેશે. આપણે ત્યાં ચૌદ નિયમોની પ્રથા બહુ પ્રચલિત છે ભગવાન મહાવીરના શાસનની કલિકાળમાં આ એક અનોખી ભેટ છે. આ ચૌદ નિયમો પૈકી એક નિયમ ભોજન અંગેનો પણ છે. ભારતની વસ્તિ વધી ગઇ એટલે સરકારે ફરજિયાત અનાજની માપબંધી કરી, પણ પરિમિત જ ભોજન લેવાની પ્રથા આપણે ત્યાં તો બહુ પ્રાચીન છે. અમુક સંખ્યાના દ્રવ્યો જ લેવાની છૂટ રાખવામાં આવે છે, તેની ભીતરમાં પણ સંયમની જ વાત મુખ્ય છે. પૂ. ગાંધીજી હંમેશા ભોજનમાં પાંચ વસ્તુઓ લેતા. એક દિવસે દૂધી અને ચણાની દાળનું સંયુક્ત શાખ કરવામાં આવ્યું હતું. પીરસનાર પાંચમી વસ્તુ આપવા આવ્યો ત્યારે ગાંધીજીએ તે લેવાની ના પાડતાં કહ્યું કે, આજના શાખમાં એ વસ્તુઓનો સમાવેશ છે એટલે નિયમ મુજબ પાંચ વસ્તુઓ થઈ ગઇ.

ભોજનના સંયમની વાત માત્ર આપણા ધર્મશાસ્ત્રો જ કરે છે, તેવું નથી આ વાત તો દરેક ધર્મશાસ્ત્રમાં કહેવામાં આવી છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં પણ કહેવામાં આવ્યું છે કે આહારની શુદ્ધિથી સત્ત્વની શુદ્ધિ થાય છે, સત્ત્વની શુદ્ધિથી બુદ્ધિ નિર્મળ તેમજ નિશ્ચયાત્મક બને છે અને પવિત્ર, નિશ્ચયાત્મક બુદ્ધિ દ્વારા જ મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે, મુક્તિ પ્રાપ્ત કરવામાં આહાર કઈ રીતે સહાયરૂપ બને છે તે આ વાત પરથી સમજી શકાય છે.

## જ્ઞાનચક્ષુ

આજ માનવી સિદ્ધાન્ત અને ઉપદેશથી દૂર થઈ ગયો છે. તેની પાસે રહી ગયું છે માત્ર નાટકીય જીવન. ખાવું પીવું, સુવું અને કમાવું. બસ નાટક શરૂ. રોજ એક સરખું દૃશ્ય શરૂ થાય. તેમાં ખાવા–સુવાની આવશ્યકતાની પાછળ પચ્ચીસ–પચાસ વસ્તુઓની આવશ્યકતા તેના જીવનમાં પ્રવેશી ગઈ, અને પછી સમસ્યા બની ગઈ. આ સમસ્યાઓ અનેક પ્રકારની બની ગઇ–દૈહિક, લૌકિક, રાજનૈતિક, વ્યવહારિક, માનસિક વગેરે. એકી સાથે આટલી સમસ્યાઓ તેની સામે આવી તો તે એનાથી ઘેરાઇ ગયો. આમાંથી મુક્ત થવા જરૂર છે જ્ઞાનચક્ષુની.

—'રક્તતેજ' ૯–૨–'૭૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મગુરુ

* કાશ્મીરની લોકકથા

લેખક : જનક દવે

કાશ્મીરની ખીણના એક નાનકડા ગામમાં એક ધર્મગુરુ હતો. એના પિતાના મૃત્યુ બાદ લોકોના ધર્મગુરુ તરીકેનું બધું જ કામ એ કરતો હતો. પરંતુ લોકોમાં એની ધાક પ્રવર્તતી હતી. કોઈ પણ માણસ એના આદેશ વિના કોઇ પણ પ્રવૃત્તિ કરી શકતો નહોતો. લોકોને આ ધર્મગુરુની જોહુકમી જો કે ગમતી ન હતી, છતાં એને તાબે થયા વિના છૂટકો જ ન હતો કારણ કે જીવનમાં અનેક પ્રસંગે ધર્મગુરુની જરૂર પડતી. કોનાં છોકરાં કોને પરણે એ બાબત પણ આ ધર્મગુરુની સંમતિથી જ નક્કી થતી અને મૃત્યુ પામેલાઓને સદ્‌ગતિ જોઇતી હોય તો પણ આ ધર્મગુરુ દ્વારા જ મળતી છતાં લોકો તેનાથી ખૂબ જ ડરતા. લોકોને એ શરાપ આપશે તો ધનોતપનોત નીકળી જશે એવી યે બીક લાગતી.

આ ગામમાં એક જુવાન માણસ રહેતો હતો. એ માણસ પોતાની ઘરડી માતાની સાથે રહેતો હતો. એક વાર એની માતાએ જાત્રાએ જવાની વાત કરી. જુવાને માતાની ઇચ્છા પૂરી કરવા જાત્રાએ જવાનું નક્કી કર્યું. મા અને દીકરો જાત્રાએ નીકળ્યાં. જાત્રા દરમિયાન બાજુના જ એક ગામનું કોઈ કુટુંબ એમને મળી ગયું. એ કુટુંબમાં પરણાવવાલાયક એક દીકરી હતી. એ કુટુંબના બધાં જ માણસોને ડોશીનો જવાન અને દેખાવડો પુત્ર ખૂબ જ ગમી ગયો. બંનેના વેવિશાળ કરી બહુ જ સાદાઇથી લગ્ન પણ પતાવી દીધાં.

ડોશીમા જાત્રા કરી પાછા આવ્યાં અને સાથે દીકરાની વહુને પણ લઈ આવ્યાં. એથી ગામના માણસો ઘણાં જ રાજી થયાં. ડોશીમાએ લગ્નનું ભોજન રાખ્યું. આખાય ગામને નોતરું મળ્યું. ધર્મગુરુને પણ આશીર્વાદ આપવા આવવાનું તેમજ ભોજનનું નિમંત્રણ મળ્યું; પરંતુ ધર્મગુરુને તો ખૂબ જ ગુસ્સો ચડયો હતો. એને મનમાં થયું. "આ લોકોને પાઠ શીખવવો જ જોઇએ. એમણે મને પૂછયાગાછયા વિના લગ્ન પતાવ્યાં તે હું નહીં ચલાવી લઉં! એમની ભૂલ માટે જો ખબર ન લઉં તો કાલ સવારે બીજા લોકો પણ એમ જ કરશે. અને જો એમ થાય તો પછી મારો ભાવ જ કોણ પૂછે?"

આમ વિચારી ધર્મગુરુ ડોશીમાને ઘેર ગયો. ગામનાં અનેક લોકો ત્યાં ભેગાં થયાં હતાં. ડોશીમાનો દીકરો ધર્મગુરૂને પગે લાગવા અને આશીર્વાદ લેવા આગળ આવ્યો. ધર્મગુરુએ તેના માથે હાથ મૂકી રૂડા આશીર્વાદ આપ્યા. પછી ડોશીમા એમને જ્યાં પુત્રવધૂ બેઠી હતી ત્યાં લઈ ગયાં. પુત્રવધૂ ધર્મગુરૂને પગે પડવા ઊભી થઈ. ધર્મગુરુએ તરત જ આડા હાથ દઈ એ બાઇને પોતાના તરફ આવતી રોકી. બધાંના આશ્ચર્ય વચ્ચે એણે ડોશીમાને કહ્યું "આ તમારી પુત્રવધૂ? આ છપ્પરપગી? આને જલદી તમારા ઘરમાંથી કાઢી મૂકો નહીંતર તમારૂં સૌનું નખ્ખોદ જશે."

"મહારાજ! કોઈ માર્ગ બતાવો! કોઈ ઉપાય બતાવો! દાન કરીએ, હવન કરીએ જો એમ કરતાં ય બચવાનો ઉપાય હોય તો."

ડોકું ધુણાવી ધર્મગુરૂએ ના કહી, "આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાઈની ખરાબ અસરમાંથી બચવાનો એકેય ઉપાય નથી!"

એટલી વારમાં ડોશીનો જુવાન પુત્ર ત્યાં આવી ચડયો. બધી વાત જાણી એ પણ મૂંઝાઇ ગયો. એકદમ ધર્મગુરુના બે પગ પકડી લઇ એણે કહ્યું: "મહારાજ! આપ કહો તેમ કરીએ. બોલો શું કરીએ?"

ધર્મગુરુએ છોકરાને બાજુએ બોલાવ્યો અને કહેવા માડયું; "જો તમારે સર્વનાશમાંથી ઉગરવું હોય તો તેનો એક જ ઉપાય છે. આ બાઈને કાઢી મૂકો. જો એમ કરતા તમારી હિંમત ચાલતી ન હોય તમને લોકલાજ નડતી હોય તો હું તમને એનો પણ માર્ગ બતાવું. તમે એ બાઇને લાકડાની પેટીમાં પૂરી દઇને નદીનાં વહેતાં પાણીમાં મૂકી દો એટલે ટાઢા પાણીએ ખસ જાય. પણ જોજો એની સાથે જ એના પિયરના દરદાગીના પણ પેટીમાં મૂકી દેજો, નહીં તો એ દાગીનાની પણ અસર તમારી રિદ્ધિસિદ્ધિ પર અવળી પડશે." આટલું કહીને ધર્મગુરુ તો ચાલ્યા ગયા.

રાત પડી એટલે વરપક્ષના બેચાર માણસોએ ભેગા થઇ બાઇને તો દોરડે બાંધી. બાઈ બિચારી ખૂબ જ કરગરતી હતી, પણ કોઇએ તેનું સાંભળ્યું નહીં અને બળજબરીથી એને પેટીમાં સુવડાવી દીધી. એના દરદાગીના પણ પેટીમાં મૂકી દીધા પછી પેટી બરાબર બંધ કરી અને કોઇને પણ બહુ ખબર ન પડે એમ જઈ પેટી નદીનાં પાણીમાં તરતી મૂકી દીધી.

પેટી પાણીના પ્રવાહમાં તણાતી ચાલી. અંદર સૂતેલી સ્ત્રી પોતાના ભગવાનને યાદ કરતી રડતી હતી. થોડે દૂર સુધી તણાયા બાદ પેટી કિનારા પરના કાદવમાં ખૂંચી ગઈ. થોડી વારે બાઇને લાગ્યું કે કોઈ પેટીને કિનારા તરફ ખેંચી રહ્યું હતું. વળી થોડી વારમાં પેટીનું ઢાંકણું ઊઘડયું. આકાશમાં ચન્દ્ર ઊગ્યો હતો એના અજવાળામાં એણે પેટી પાસે એક માણસને જોયો. એના હૃદયમાં ફાળ પડી કે પોતે કોઇ લૂંટારાના હાથમાં તો ફસાઈ ન હતી ને!

પેલા માણસે પણ પેટી ઉઘાડતાં તેમાં સૂતેલી સ્ત્રીને જોઈ. એને બહુ નવાઈ લાગી. એને થયું: "કોણે આ બાઈ પર આટલી ક્રૂરતા કરી હશે?" એણે તરત જ બાઇના શરીર પરથી દોરીઓ છોડી નાખી અને કહ્યું: "બેન! ગભરાતી નહીં. મારાથી બની શકશે તેટલી હું તને મદદ કરીશ."

બાઇને પેલા માણસમાં શ્રદ્ધા બેઠી તે ડૂસકે ડૂસકે રડી પડી અને પછી તેણે પોતાની વીતકકથા તે માણસને કહી સંભળાવી.

બાઇની વાત સાંભળીને એ માણસને ધર્મગુરુ પર ખૂબ જ ગુસ્સો આવ્યો. એ માણસ પાછો ધર્મગુરુને બરાબર ઓળખતો હતો. એને થયું: "આ ધર્મગુરુને પણ પાઠ ભણાવવાની જરૂર છે."

આ માણસ જંગલમાંથી વાંદરા પકડી એને વેચવાનો ધંધો કરતો હતો. હમણાં જ એણે એક મોટો વાંદરો પકડયો હતો. એણે એ વાંદરાને પેલી પેટીમાં પૂરી દીધો અને પેટી નદીના પાણીમાં હડસેલી મૂકી. એ ધારતો હતો કે ધર્મગુરુ કયાંક નદીના નીચા વાસમાં પેટીની રાહ જોતો બેઠો હશે.

અને એમ જ હતું. ધર્મગુરુ પાણીના પ્રવાહમાં પેટી તણાઈ આવે એની રાહ જોતો બેઠો જ હતો. અડધી રાત થઇ ગઇ હતી. ટાઢ ખૂબ વાતી હતી. પોતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છાતી પર સગડી બાંધીને શરીરની ટાઢ ઉડાડતો હતો. એનો વિચાર સ્ત્રીને પાણીમાં ડુબાડી દઇ એનાં ઘરેણાં પચાવી પાડવાનો હતો. પણ પેટી તો ધારેલા સમય પ્રમાણે આવી નહીં. એને થયું પેટી કોઈ ચોરને હાથ પડી હશે તો ? પણ ત્યાં તો દૂર દૂર ચાંદનીમાં પેટી તણાતી તણાતી આવતી દેખાઈ. એના આનંદનો કોઈ પાર રહ્યો નહિ. પેટી નજદીક આવતાં એણે નદીમાં ઝંપલાવ્યું અને પેટીને ખેંચીને કિનારા પર લાવ્યો. પછી તેણે આજુબાજુ જોઇ લીધું. એટલામાં કોઇ હતું નહીં એટલે એને નિરાંત થઇ. પછી એણે ધીમેકથી પેટી ઉઘાડી. પોતાને નાસી છુટવાની તક મળશે એમ માની પેટીમાંથી વાંદરો એકદમ જ ઊછળ્યો. પોતાને પેટીમાં પૂરનાર આ માણસ છે એમ સમજી એણે એનું વેર લેવા માંડયું. એણે ધર્મગુરૂને પછાડી દીધો અને એને નહોર ભરાવ્યા તથા ખૂબ જ બચકાં ભર્યાં. ધર્મગુરુ લોહીલોહાણ થઈ ગયો અને બેશુદ્ધ થઈ ધરતી પર ઢળી પડ્યો. ત્યારે વાંદરો એને છોડી એકદમ જંગલ તરફ નાસી ગયો.

બીજે દિવસે વાંદરા પકડનારો માણસ પેલી બાઇને લઇને એના પતિને ઘેર ગયો. એ દરમિયાન ધર્મગુરુને થયેલી શિક્ષાની વાત લોકોમાં ફેલાઈ ગઇ હતી. લોકો કહેતા હતા; “ધર્મગુરુના કૃત્ય એ પાજીનાં કૃત્ય.”

ધર્મગુરુની એટલી બધી નાલેશી થઈ કે ગામ છોડીને જ ચાલ્યો ગયો તે આજનો દિ’ને કાલની રાત

## ધન્યતા

ઊંચે આકાશમાં

એક પંખીઓનું ટોળું જઈ રહ્યું હતું.

તેમાંનું એક પંખી તરસ્યું થયું, નીચે જોયું

તો એક શાન્ત અને સ્થિર તળાવ નિહાળ્યું.

તે તૃષાતુર પંખી ધીરે ધીરે નીચે ઉતર્યું. તળાવમાંથી

એક જવના દાણા જેટલું જલબિંદુ લીધું ને તેની તૃષા છીપાઈ.

તળાવ ધન્ય બન્યું ને પુલકિત બની જળ કલ્લોલવડે નાચી ઊઠ્યું.

કારણ કે એક તૃષાતુર પંખીની તૃષા છીપાવવાનું તેને અહોભાગ્ય મળ્યું !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નારી જાતિ–કેટલી યોગ્ય કેટલી અયોગ્ય

મૂળ લેખક : મુનિ નેમિચન્દ્ર
અનુવાદક : કા. જ. દોશી

સમસ્ત ધર્મગ્રંથોમાં નારી જાતિની નિંદા કરવામાં આવી છે. કયાંક તેને રાક્ષસી કહેવામાં આવી છે. તો કયાંક તેને તાડનકે અધિકારી કહેવામાં આવી છે. તો વળી કોઇ જગ્યાએ તેને મોક્ષગમનમાં વિઘ્ન કરનારી કહેવામાં આવી છે. કોઈ સ્થાને તેને પગના જૂતા જેવી કહેવામાં આવી છે, તો વળી બીજી જગ્યાએ તેને વેદ ભણવા માટે અથવા ધર્મ–કર્મ માટે અધિકારથી વંચિત રાખવામાં આવી છે. તે એટલે સુધી કે તેને સન્યાસ–દીક્ષાથી પણ વંચિત રાખવામાં આવી છે, અને તેનો મોક્ષનો અધિકાર પણ છીનવી લેવાયો છે. સામાજિક કે ધાર્મિક ક્ષેત્રમાં નારીને પછાત રાખવામાં આવી છે એનું શું કારણ? લૌકિક અને પારલૌકિક એમ સઘળા ક્ષેત્રમાં નીચી કેમ માનવામાં આવી છે?

જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ નારીનું સ્થાન શું છે? આ બાબત આપણે ગંભીરતાથી વિચારવું જોઇએ.

વાસ્તવમાં જૈનધર્મ એક ક્રાન્તિકારી ધર્મ રહ્યો છે. તેમાં જૂના ખોટા મૂલ્યો બદલીને તેના સ્થાને નવા પરિષ્કૃત મૂલ્યોની સ્થાપના કરવામાં આવી છે. જૈન ધર્મની દૃષ્ટિમાં નર અને નારી બન્નેનો સરખો દરજ્જો છે, ન કોઇ ઊંચું, ન કોઈ નીચું. ઉપાસકદશાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના દસ મુખ્ય ઉપાસકોનું જીવન આપવામાં આવ્યું છે. તેમાં શ્રાવકવ્રત ગ્રહણ કરવાનો જેટલો અધિકાર શ્રાવકનો બતાવ્યો છે તેટલો જ અધિકાર શ્રાવિકાનો બતાવ્યો છે પતિ–પત્ની બન્નેએ ભગવાન મહાવીર પાસે અલગ અલગ શ્રાવક–શ્રાવિકા વ્રત ગ્રહણ કર્યાં છે. એવી જ રીતે ભગવાન મહાવીરના સંઘમાં મહાવ્રતોની સાધનાનો જેટલો અધિકાર પુરૂષને આપવામાં આવ્યો છે એટલો જ અધિકાર એક મહિલાને આપવામાં આવ્યો છે. તે એટલે સુધી કે મુક્તિનો અધિકાર પણ બન્નેને સરખો જ આપવામાં આવ્યો છે. પંદર પ્રકારના સિદ્ધ હોવાનો ઉલ્લેખ જૈન આગમોમાં મળે છે. તેમાં स्त्रीलिंगसिद्धा, पुरुषलिंगसिद्धा। नपुंसकलिंगसिद्धाः, स्वलिंगसिद्धाः, अन्यलिगसिद्धाः વગેરે પાઠ આ બાબતના પ્રમાણ તરીકે આપી શકાય તેમ છે. વસ્તુતઃ જૈન સિદ્ધાંત અનેકાન્તવાદી તેમજ આત્મવાદી હોવાથી તે એવો આગ્રહ નથી રાખતો કે માત્ર જૈન મનાતા વેશ, લિંગ કે તીર્થમાં જ મુક્તિ મળી શકે છે. અહીંઆ તો સાધનાનો સવાલ છે, કોઈ પણ વેશ, જાતિ, લિંગ કે તીર્થમાં જ્ઞાન–દર્શન, ચારિત્રની સાધના કરી શકાય છે. તેમાં સાધુવેશ કે ગૃહસ્થવેશ, સ્ત્રીલિંગ કે પુરુષલિંગ, સ્વતીર્થ કે પરતીર્થ બાધક નથી. એટલા ઉદાર સિદ્ધાંતવાળો જૈન ધર્મ શું નારીને નીચી, મોક્ષને માટે અયોગ્ય, વાસનાની પુતળી, નરકની ખાણ, મોક્ષમાર્ગમાં બાધક, તાડનની અધિકારી કે નિંદનીય માની શકે ખરો? અને જો એમ હોત તો ભગવાન મહાવીર મહિલા જાતિને સાધ્વી સંઘમાં સ્થાન ન આપત, તેમને શ્રાવિકા ધર્મ પાલન કરવાનો ઈન્કાર કરી દેત, અને તેમને પુરુષોથી ઉતરતી કક્ષાની કહેત. પરંતુ મૂળ આગામોમાં એક પણ જગ્યાએ એવો ઉલ્લેખ નથી. પરંતુ શાસ્ત્રોમાં નારી જાતિને ગૃહસ્થ જીવનમાં સહાયક, ધર્મસહચારિણી, રત્નકુક્ષધારિણી, દેવગુરુજન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકાશા, વગેરે શબ્દોથી અનેક જગ્યાએ પ્રશંસા કરવામાં આવી છે. તો પછી લૌકિક અને પારલૌકિક બંને ક્ષેત્રોમાં પુરુષથી નીચા દરજ્જાની માનીને વ્યવહાર કરવાનું શું કારણ? ગોસ્વામી તુલસીદાસજી કે જેમણે પોતાની પત્ની રત્નાવલી પાસેથી જ વૈરાગ્યની પ્રેરણા મેળવી હતી તેમણે નારીને માટે નીચેનો પ્રયોગ શા માટે કર્યો હશે?

शूद्र गँवार ढोल पशु नारी
ये सब ताडन के अधिकारी ।

જગદ્ગુરુ આદ્યશંકરાચાર્ય કે જેમને પોતાની માતા પાસેથી ધર્મસંસ્કાર મળ્યા હતા અને જેઓ વેદમાં વર્ણવેલ 'मातृदेवो भव'નું રટણ કર્યા કરતા હતા તેમણે નારીને નિંદનીય શા માટે કહી? મંડનમિશ્રની પત્નીની સામે શાસ્ત્રાર્થમાં હારી જવા છતાં શું તેઓ નારીને બ્રહ્મજ્ઞાનમાં પુરુષોથી પછાત માની શકે ખરા? ઋષિ યાજ્ઞવલ્કયે પણ શું ગાર્ગી અને મૈત્રેયી પાસે જ્ઞાનમાં પરાજયનો સ્વીકાર કર્યો ન હતો?

વસ્તુતઃ મહાપુરુષોનું જીવન ઘડનારી, પુરુષને ઉન્માર્ગે જતો રોકી ધર્મમાર્ગમાં પ્રેરનારી, બાળકોને સુંસ્કાર આપનારી તેમજ સતી રાજીમતી, ચંદનબાલા, સીતા વગેરે ધર્મ પર દૃઢ રહેનારી મહિલાઓને શું પુરુષોથી ઉતરતા દરજ્જાની માની શકાય ખરી? એ કદિપણ ઉચિત નહિ ગણાય. તેમાં કોઇ તર્ક નથી. જે નારીને મોક્ષની અધિકારિણી ન માને તેમને પૂછી શકાય કે "મુક્તિને સમયે તો માત્ર શુદ્ધ વીતરાગ આત્મા રહે છે, તેમાં સ્ત્રીત્વ (સ્ત્રીવેદ) નથી હોતું, કે પુરુષત્વ નથી હોતું, તો પછી મુક્તિમાંથી રોકનારૂં કયું તત્ત્વ છે? તો મારા મત મુજબ તેમની પાસે કોઇ મહત્ત્વની દલીલ નથી. સ્ત્રીલિંગસિદ્ધ, તીર્થંકરસિદ્ધ તેમજ ગૃહીલિંગસિદ્ધના ચંદનબાલા, મરુદેવી માતા, મલ્લિનાથ તીર્થંકર વગેરે અનેક જવલંત ઉદાહરણ આપી શકાય.

મધ્યયુગમાં વિદેશી શાસકોના આક્રમણને વખતે ગોસ્વામી તુલસીદાસજીએ જોયું કે તેઓ હિંદુજાતિની સુંદરીઓને બળજબરીથી પકડી જાય છે. તેથી કોઇપણ પ્રકારે સ્ત્રીજાતિને ઘૃણિત બતાવીને મુગલ શાસકોની ચુંગાલમાં ફસાતી સ્ત્રીજાતિને બચાવવા માટે એવું વિધાન કર્યું હોય, એ ઘણું સંભવિત છે. એ જ કારણે એ યુગમાં સ્ત્રીના દરેક પ્રકારના વિકાસને રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. કોઈએ તેમને પર્દાનશીન બનાવીને કોઇપણ પ્રકારના જ્ઞાનની ગતિવિધિઓથી બીલકુલ વંચિત કરી દીધી. ઘરની ચાર દિવાલની બહારની હવા લાગવાથી ધર્મભ્રષ્ટ થવાનો ડર તેમના મનમાં બેસાડી દીધો છે. એ જ કારણે શિક્ષણ, ધર્મસંસ્કાર, તત્ત્વજ્ઞાન વગેરેમાં નારી ઘણી પાછળ રહી. વ્યવસાયના ક્ષેત્રમાં પણ નારીનો પ્રવેશ રોકવામાં આવ્યો. રાજનૈતિક અને સામાજિક ક્ષેત્રમાં તો નારી દ્વારા કોઇ પણ કાર્ય કરવાની આશા નથી રાખવામાં આવતી. આ કારણોને લીધે સમાજમાં નારીનું સ્થાન હીન માનવાનો પ્રવાહ—પરંપરા ચાલી. વસ્તુતઃ તુલસીદાસજીના એ વાકયનો અર્થ સમ્યક્ દૃષ્ટિવાળી વ્યક્તિ 'તાડન કે અધિકારી' નહિ કરે પણ 'તારણ કે અધિકારી' કરશે. કારણ શુદ્ર, પશુ અને નારી એ બધા વિકાસથી વંચિત રાખવાને કારણે જ સંસાર સાગરથી તરવામાં પાછળ રહી ગયા. તેથી તેમને હવે તરવાનો મોકો આપીને 'તારણ કે અધિકારી' બનાવવા જોઇએ.

તે ઉપરાંત સ્ત્રીઓને રાક્ષસી, મોહમયી, વાસનાની પુતળી, નરકની ખાણ, મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારી વગેરે માનવાની પાછળ પુરુષો સાધકોનો અભિપ્રાય પુરુષોને સ્ત્રીની જાળમાંથી છોડાવી વૈરાગ્યનો રહ્યો છે. વાસનાના પુતળા, નરકની ખાણ અને રાક્ષસ કે મોક્ષના શત્રુ સ્ત્રી કરતા પુરુષ અધિક મળશે. દુનિયાનો ઇતિહાસ જોશો તો સ્પષ્ટ પ્રતીત થશે કે પુરુષોની જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કામવાસના અને વિકારી દૃષ્ટિ ઘણી વધારે છે. એવા ઉદાહરણ બહુ ઓછા મળશે કે જ્યારે કોઈ મહિલાએ કોઈ પુરુષના શીલ પર હુમલો કર્યો હોય. જ્યારે પુરુષોએ સ્ત્રીના શીલ પર હુમલો કર્યાના, અપહરણ કરવાના, બળાત્કાર કરવાના તો સેંકડો ઉદાહરણ મળશે. અસલમાં તો પુરુષ પોતાની વાસના પર જ્યારે કાબુ રાખી શકતો નથી, અથવા પુરુષની દૃષ્ટિમાં સ્ત્રીને જોઇને જ્યારે વિકાર આવ્યો ત્યારે તેણે પોતાની દૃષ્ટિ કે વાસનાને વશ કરવાને બદલે તેમજ પોતાની ઇન્દ્રિયો ને મન પર અંકુશ રાખવાને બદલે નારીની નિંદા કરવાનું શરૂ કર્યું, તેમાં દોષ સ્ત્રીનો નહિ, પણ પુરુષનો છે. પુરુષે પોતાનો દોષ સ્ત્રીને માથે ચઢાવી દીધો. સ્ત્રીને વાસનાની પુતળી બનાવવામાં વાસનાના પુતળા પુરુષ જ વિશેષતઃ નિમિત્ત બન્યા છે. પુરુષોના અહંકારે તેને પોતાનો ગુલામ કે આશ્રિત બનતા રોકયો છે. સ્ત્રીને નીચા દરજ્જાની બતાવીને પોતાની જાતને ઊંચા દરજ્જાની બતાવવામાં પુરુષના અહંકાર સિવાય બીજું શું છે? કયા ગુણમાં પુરુષ સ્ત્રીથી ચઢિયાતો છે? ક્ષમા, દયા; સેવા, સહિષ્ણુતા; વાત્સલ્ય, કરુણા; ધર્મપાલનમાં દૃઢતા વગેરેમાં શું પુરુષ પોતાની જાતને ચઢિયાતો સિદ્ધ કરી શકશે? બલકે વર્તમાન કે ભૂતકાળના અધિકાંશ સત્તાધીશ પુરુષોની વાસનાની રંગીન કહાનીઓ આ વાતન ખોટી સાબીત કરે છે કે પુરુષ સ્ત્રી જાતિ કરતા ચઢિયાતો છે. સુરા સુંદરી, દ્યૂત અને સત્તા-લાલસાના ચક્કરમાં ફસાયેલો પુરુષ પોતાને નારી જાતિ કરતા ચઢિયાતો હોવાનો દાવો ભલે કરે પણ તેનો એ દાવો પોકળ છે. એ જ કારણે ધાર્મિક ક્ષેત્રમાં પણ મધ્યયુગના ગ્રંથોમાં સ્ત્રીની નિંદાને અયોગ્યતાની ખોટી દલીલો રજુ કરીને તેઓનો ( સ્ત્રીઓનો ) ધર્મશાસ્ત્ર ભણવાનો, સાંભળવાનો, અમુક ધર્મસાધના કરવાનો કે મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકાર છીનવીને પોતાના અહંકારનું જ પ્રદર્શન કર્યું છે.

'કલ્પસૂત્ર'માં એક તરફ તો 'કૃતિકર્મ' નામના કલ્પમાં સ્પષ્ટ રીતે રત્નાધિક તેને રત્નહીન વંદન કરે એવો વંદનક્રમ બતાવ્યો છે. પરંતુ બીજી બાજુ કેટલીક જગ્યાએ पुरिस जेट्ठा (पुरुष ज्येष्ठ) નામનો કલ્પ બતાવીને ભલે ૫૦ વર્ષની દિક્ષિત સાધ્વી હોય, પણ તેણે આજના નવદિક્ષિત સાધુ કરતાં રત્નહીન બતાવવાનો પ્રયત્ન કર્યો. એમ માનવામાં આવ્યું કે પુરુષોએ સંઘની સ્થાપના કરી, સમાજ વ્યવસ્થા કરી, પરંતુ નારીને મોકો આપવામાં આવે તો તે પણ સંઘની સ્થાપનામાં બહુ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે, અને ભજવ્યો પણ છે. ભગવતી મલ્લીનાથ તીર્થંકરે તો સ્વયં સંઘસ્થાપના કરી હતી. મહાસતી ચંદનબાલા, રાજિમતી વગેરે સાધ્વીઓએ સંઘ સ્થાપનામાં અગ્રભાગ ભજવ્યો છે. શું ચતુર્વિધ સંઘમાં શ્રમણીવર્ગ કે સાધ્વી-વર્ગનો ફાળો ઓછો છે? પુરુષ સાધકોમાં શું પાંચ વ્રતો ઉપરાંત છઠ્ઠું મહાવ્રત કે શ્રાવકોમાં બાર વ્રતોથી આગળ વધીને તેરમું વ્રત છે કે જેથી તે પોતાની મહત્તા સાબિત કરી શકે? પુરુષ જ્યેષ્ઠત્વકલ્પ અહીં નરજ્યેષ્ઠતાના અર્થમાં વ્યર્થ સાબિત થાય છે જ્યારે કૃતિકર્મ રત્નાધિક વંદન વ્યવહાર સ્પષ્ટ છે. એટલા માટે કોઈ કોઈ પ્રતમાં પુરુષજ્યેષ્ઠત્વ કલ્પનું નામ નથી, અથવા છે તો પુરુષજ્યેષ્ઠ કહીને છોડી દીધું છે. સાધ્વીઓ દ્વારા સાધુઓને વંદન કરવાનું વિધાન બતાવ્યું નથી. એટલા માટે પુરુષ જ્યેષ્ઠત્વ શબ્દથી સાંખ્યદર્શનના 'આત્માનું જ્યેષ્ઠત્વ' જ વધારે સંગત છે કે સાધુ–સાધ્વી-ઓને ભૌતિક જડ પદાર્થની અપેક્ષાએ આત્માની જ્યેષ્ઠતા અને મહત્તા સ્વીકારવી જોઇએ. પરંતુ પુરુષ સાધકોએ મધ્યયુગમાં સાધ્વી સંઘના વિકાસને રોકવા માટે તેઓના દ્વારા વ્યાખ્યાન કે ધર્મોપદેશ દેવાનું બંધ કર્યું જો કે વર્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનમાં કેટલાક મૂર્તિપૂજક સંપ્રદાયની સાધ્વીઓ વ્યાખ્યાન આપે છે.

જ્યારે કોઈ વર્ગને ગુલામ કે પરતંત્ર બનાવવાનો હોય ત્યારે તેને શિક્ષણ, ધર્મ–શ્રવણ, સુસંસ્કાર, કલાકૌશલ કે અન્ય વિદ્યાઓથી વંચિત રાખવામાં આવે છે શૂદ્ર નામના વર્ગની સાથે કે હબસી લોકોની સાથે સવર્ણો કે ગોરાઓએ એવો જ વ્યવહાર કર્યો હતો. એવી જ રીત નારીજાતિ સાથે અજમાવવામાં આવી, તેને શિક્ષણ–સંસ્કારાદિથી વંચિત રાખીને. પરંતુ જો નારીને સર્વાંગીણ વિકાસનો સુઅવસર આપવામાં આવે તો તે જીવનના સર્વે ક્ષેત્રોમાં પુરુષને મહાત કરી શકે છે.

જ્યોતિર્વિજ્ઞાન, ગણિત, લિપિકલા, ભૌતિકવિજ્ઞાન, યુદ્ધ વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન, રાજનીતિ અધ્યાત્મ વિજ્ઞાન વગેરે સઘળા ક્ષેત્રોમાં આજ તો નારી જાતિએ કમાલ કરી દેખાડેલ છે. વળી કેટલાક ક્ષેત્રોમાં તો પુરુષો કરતા આગળ વધી શકે છે.

એ ઠીક છે કે તે પોતાના ઘરની વ્યવસ્થા સંભાળે. પરંતુ વખત આવ્યે વ્યવસાય, શિક્ષણ, શાસન વગેરેનું કાર્ય પણ સંભાળી શકે છે. બર્મામાં વ્યવસાયનું કાર્ય ઘણું ખરૂં સ્ત્રીઓના હાથમાં છે. ગુજરાતમાં મારવાડી જાતિમાં પણ બજારનું બધું કામ સ્ત્રીઓ સંભાળે છે. મહાદેવી વર્મા વગેરે કેટલીક મહિલાઓ શિક્ષણનું કાર્ય સંભાળે છે. શ્રીમતી ઇંદિરા ગાંધી, નંદિની સત્પથી, શ્રીમતી સરોજિની મહિષી વગેરે અનેક મહિલાઓ રાજનીતિમાં જોડાયેલા છે. ધર્મસાધનાના ક્ષેત્રમાં પણ હજારો સાધ્વીઓ ભારતમાં એક છેડેથી બીજા છેડા સુધી ફરીને પોતાની વિદ્વત્તા તથા અધ્યાત્મજ્ઞાનનો સિક્કો જનતા પર જમાવી ચૂકી છે. તેથી આજ સમાજમાં નારીને કોઇ નીચા દરજ્જાની કે અબળા કહેવાનું સાહસ કરી શકતું નથી, તેમજ કોઇ તેમને પોતાના અધિકારોથી કે વિકાસથી વંચિત રાખવાની હીંમત કરી શકતું નથી.

નારીમાં વાત્સલ્ય, સહૃદયતા, સેવા સુશ્રૂષા, કરુણા, દયા વગેરે ઉત્તમોત્તમ ગુણ સહજ સ્વાભાવિકતાથી પ્રાપ્ત થયેલા છે. તેમના આ ગુણોને વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા વિકસવાની તક આપવામાં આવે તો તે કમાલ કરી બતાવી શકે. મહારાષ્ટ્રમાં મહર્ષિ કર્વેએ, ભારતમાં ગાંધીજીએ, ઋષિ દયાનંદ વગેરે મહાનુભાવોએ સામાજિક ક્ષેત્રમાં નારી રત્નના વિકાસનો અવસર આપ્યો છે.

ખ્રિસ્તી સમાજે સેવા સુશ્રૂષાના ક્ષેત્રમાં ખાસ કરીને રોગીની સેવા તથા શિશુપાલનના ક્ષેત્રમાં નારી જાતિને તક આપી છે. એ જ કારણે આજે ભારતના દરેક ચિકિત્સાલયોમાં, રોગી–સેવા અને શિશુપાલનમાં મહિલાઓ જ ઘણું વધારે કામ કરે છે. યોગ અને અધ્યાત્મના ક્ષેત્રમાં પણ અનેક મહિલાઓએ કમાલ કરી બતાવ્યું છે. પ્રાચીન કાળમાં ભગવદ્ ભક્તિના ક્ષેત્રમાં મીરા, સહજોબાઈ, મુક્તાબાઈ વગેરે અનેક મહિલાઓ થયાં છે, આજ પણ નારી જાતિ આ ક્ષેત્રમાં પુરુષોથી આગળ છે. જરૂરત છે તેમને નવા યથાર્થ મૂલ્યોમાં ગોઠવવાની. મુનશ્રી સંતબાલજી મહારાજની પ્રેરણાથી કેટલીક જગ્યાએ માતૃ–સમાજ ચાલે છે, કે જ્યાં બધી વ્યવસ્થા મહિલાઓ સંભાળે છે. રાષ્ટ્રસંત કવિરત્ન ઉપાધ્યાયશ્રી અમરચંદજી મહારાજની પ્રેરણાથી રાજગૃહમાં ચાલતા વિરાયતનના સંચાલનનું કાર્ય ઘણું ખરૂં સાધ્વી રત્ન શ્રી સુમતિકુંવરજી વિદુષી સાધ્વીશ્રી ચંદનાજી વગેરે તથા કેટલીક સાધિકાઓ સંભાળે છે.

આથી જ નારી જાતિ તરફ ઉપેક્ષાની દૃષ્ટિથી જોવાને બદલે સમાજ નિર્માણના કાર્યમાં તેમને સન્માનપૂર્વક યથાયોગ્ય સ્થાન આપવામાં આવે તો તે પોતાની ફરજનું પાલન સારી રીતે કરી શકે છે. પુરુષ જાતિએ હવે અચકાયા વગર તેમને વિકાસની તક તથા યોગ્ય પ્રતિષ્ટા આપીને આજ સુધી નારી જાતિને કરેલ અન્યાયનું પ્રાયશ્ચિત કરવું જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુભેચ્છા સમારંભ

તળાજા. તા. ૧-૨-૭૬ રવિવાર

**શ્રી** તાલધ્વજ તીર્થની ૩૪ વર્ષથી તન-મન-ધનથી સેવા કરતાં મુરબ્બી પૂજ્ય શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલભાઈ શાહે સં. ૨૦૩૨ના પોષ વદી અમાસ શનિવારે ૯૦માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. તેઓશ્રીનું દીર્ઘાયુ ઈચ્છવા તથા શુભેચ્છા દર્શાવવા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિ. સંઘ તથા શ્રી તાલધ્વજ જૈન શ્વેતાંબર તીર્થ કમિટિનાં સૌ સભ્યો તરફથી એક શુભેચ્છા સમારંભ તળાજા મુકામે શ્રી બાબુની જૈન ધર્મશાળામાં સવારે ૧૦ વાગે આયંબિલ ભુવનમાં શેઠશ્રી ચંદુલાલભાઈ રમણીકલાલ નાણાવટીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ હતો.

સમારંભની શરૂઆતમાં બાળાઓએ મધુર સ્વરમાં સ્વાગત-ગીત રજૂ કરેલ. બાદ શ્રી મનુભાઈ શેઠે તાર, પત્રો વગેરે દ્વારા બહારગામથી આવેલ સંખ્યાબંધ સંદેશાઓનું વાંચન કર્યું. ત્યાર બાદ શ્રી અમરચંદ માવજી શાહ, શેઠશ્રી વાડીલાલભાઈ ચત્રભુજ ગાંધી, ડૉ. શ્રી ભાઈલાલભાઈ એમ. બાવીસી, શ્રી વસંતભાઈ હરિલાલ, નગરશેઠ શ્રી ગુલાબરાય પ્રતાપરાય, શ્રી નાનુભાઈ વગેરેએ શેઠશ્રીને માટે દીર્ઘાયુ અને શુભેચ્છા ઇચ્છતા પ્રવચનો કર્યા હતા.


શ્રી તાલધ્વજ તીર્થની ૩૪ વર્ષથી તેઓશ્રી સેવા કરે છે અને તીર્થનો સર્વાંગી વિકાસ થયો છે તેનો ટૂંક અહેવાલ "૩૪ વર્ષની સિદ્ધિઓ" ની એક બુકલેટ આ પ્રસંગે પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

સમારંભના પ્રમુખશ્રી ચંદુલાલભાઈએ શુભેચ્છાદર્શક દીર્ઘાયુ ઇચ્છતું તળાજા સંઘનો આભાર અને આનંદ વ્યક્ત કરતું પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ "૩૪વર્ષની સિદ્ધિઓ"ના બુકો મૂકેલ સુંદર "બોકસ" શેઠશ્રીને અર્પણ કરવામાં આવી હતી.

ત્યાર બાદ પૂજ્ય શેઠશ્રી ભોગીલાલભાઈ સાહેબે સંઘના તથા તીર્થ કમીટીના સૌ ભાઈઓ બહેનોને મળવાથી પોતાને આનંદ વ્યક્ત કરતું તથા આ બધી સિદ્ધિઓમાં સાચાદેવની તથા શાસન સમ્રાટ પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરિશ્વરજી સાહેબની કૃપાનું ફળ જણાવ્યું હતું. અને તેઓશ્રીનું બહુમાન કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ સમારંભના પ્રમુખશ્રીએ શેઠશ્રીને ફુલહાર કર્યા હતા. ત્યાર બાદ અન્ય સંસ્થાઓ તરફથી ફુલહાર થયા હતાં.

શ્રી અમરચંદ માવજી શાહે આ સમારંભમાં સકલ સંઘ તથા આમંત્રિત મહેમાનોએ હાજરી આપી તે બદલ આભાર માન્યો હતો.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થધામ પાલીતાણામાં શત્રુંજય ખાતે ઉજવાઈ ગયેલ પ્રતિષ્ઠા મહોત્સવ

મહાપાવનકારી તીર્થરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર મહા સુદ સાતમને શનિવારે સવારે ૯–૩૬ વાગે ૫૦૪ પ્રતિમાઓની પ્રતિષ્ઠા વિધિ જૈનાચાર્ય શ્રીમદ્ કસ્તુરસૂરિશ્વરજી મહારાજ સાહેબના હસ્તે યોજાઈ હતી. આ પ્રસંગે પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે રથયાત્રાનો વરઘોડો શહેરમાં ફર્યો હતો. પાંચ હાથી, દસ ઘોડા, પચાસ મોટરો અને જૈન યુવક–યુવતીઓની સંગીત મંડળીઓ આ રથયાત્રામાં જોડાઈ હતી. જનમેદની સારી સંખ્યામાં હતી.

પૂ. આ. શ્રી કસ્તુરસૂરિશ્વરજીની નિશ્રામાં યોજાયેલ આ રથયાત્રાના વરઘોડામાં દૂર દૂરથી પગયાત્રા કરીને આવેલા લગભગ સાતસોથી આઠસો સાધુ મહારાજો તથા સાધ્વીજી મહારાજ તેમજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આગેવાનો જોડાયા હતા. ભારતના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા હજારો જૈન સ્ત્રી–પુરૂષોએ તેમજ પાલીતાણાના નગરજનોએ આ વિશાળ રથયાત્રાના વરઘોડામાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગિરિરાજ શત્રુંજયમાં મુખ્ય દેરાસરની પ્રાણ પ્રતિષ્ઠાના આ પ્રસંગ ઉપર ભારતભરમાંથી આવનાર જૈન ભાઈ બહેનો માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી રહેવા–જમવા વગેરેની સુંદર સગવડ રાખવામાં આવેલ.

શત્રુંજયના મુખ્ય દેરાસરના મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની સ્થાપના પોતાના હાથે થાય એ માટે સુરતના શ્રી પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરીએ એક લાખ એકસઠ હજાર પાંચસોને પંચાવન રૂપિયા બોલીને ચઢાવો લઈ લાભ લીધો. પ્રતિષ્ઠા ઉપર હાજર રહેનારા હજારો યાત્રિકો અને નગરજનોને શ્રી પુષ્પસેન ઝવેરી તરફથી જ નવકારશી(જમણ)રાખવામાં આવેલ.

શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની તીર્થભક્તિથી આકર્ષાઈ પાલીતાણાના જૈન સંઘ તરફથી નજરબાગમાં શેઠશ્રી કસ્તુરભાઈનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવકારશીનો આદેશ લેનારા તેમજ કાર્યકરોનું અભિવાદન થયું હતું.

પ્રતિષ્ઠાના દિવસે પ્રતિષ્ઠા સમયે જૈન દેરાસરોમાં ઘંટનાદ અને થાળી વગાડવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# સન્માનપત્ર સમારંભ

આજીવન સેવાભાવી મૂકસેવક ધર્મનિષ્ઠ શેઠશ્રી **ખીમચંદભાઈ** (બાલુભાઈ) ફુલચંદની શ્રી વડવા જૈન સમુદાયની છેલ્લા ૫૦ વર્ષની અમૂલ્ય સેવાને અનુલક્ષીને તેઓશ્રીના બહુમાન અર્થે તેમને માનપત્ર તથા એક પર્સ (થેલી) અર્પણ કરવાનો સમારંભ શ્રી વડવા જૈન સમુદાય ભાવનગર તરફથી સંવત ૨૦૩૨ના મહા શુદ ૮ તા. ૮–૨–૭૬ રવિવારના સવારના ૯–૩૦ કલાકે યોજવામાં આવેલ. આ સમારંભના પ્રમુખસ્થાને સૌજન્યમૂર્તિ શેઠશ્રી **ભોગીલાલભાઈ મગનલાલ** બિરાજ્યા હતાં. તેમજ અતિવિશેષપદે જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી **વાડીલાલ ચત્રભુજ ગાંધી** તથા જાણીતા સેવાભાવી કાર્યકર શેઠશ્રી **હીરાલાલ જુઠાભાઈ શાહ** પધાર્યા હતા. સમારંભ ખૂબ સારી રીતે ઉજવાયો હતો. સમારંભ બાદ ભોજન સમારંભનો પ્રોગ્રામ રાખવામાં આવેલ. વડવા સમુદાયના અગ્રણી શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ તથા કાર્યવાહી કમિટિએ સમારંભને સફળ બનાવવા સારી જહેમત લીધી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતીય ન્યાયશાસ્ત્રોના અભ્યાસી એક વિદ્વાનની ચિરવિદાય

જાપાનની નાગોયા યુનિવર્સિટીના પ્રોફેસર હિદેનોરી કિતાગાવાના તા. ૨૫-૧૧-૭૫ના રોજ જાપાનમાં થયેલ અવસાનની નોંધ અમે દુઃખપૂર્વક લઈએ છીએ. પ્રો. કિતાગાવા સંસ્કૃત અને ભોટ (તિબેટન) ભાષાના સારા વિદ્વાન હતા, તથા જૈન સહિત ભારતીય ન્યાયશાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. તેમણે નાગોયા યુનિવર્સિટીમાં ગવર્નર તથા ડીન તરીકે પણ ઊંચા પ્રકારની સેવાઓ આપી હતી. જાપાનીઝ હતા એટલે ભારતવાસીઓથી તદ્દન જુદી રહેણીકરણી તથા ખાનપાન હોવા છતાં જૈન ન્યાયશાસ્ત્રનો શાસ્ત્રશુદ્ધ અભ્યાસ કરવા માટે લગભગ બાર વર્ષ પહેલાં ભારતીય ન્યાયશાસ્ત્રના પ્રખર વિદ્વાન પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ પાસે આદરિયાણા જેવા નાનકડા ગામડામાં દોઢેક માસ રહ્યા હતા. તેમજ દોઢેક વર્ષ પહેલાં ફરીથી આવીને મહેસાણામાં સીમંધરસ્વામિની ધર્મશાળામાં પણ ત્રણ અઠવાડિયાં અભ્યાસ કરવા રહ્યા હતા. તે જ તેમની અભ્યાસનિષ્ઠા પૂરવાર કરે છે.

પ્રો. કિતાગાવા આ સભા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા અને તા. ૩૦-૧૧-૧૯૬૦ ના રોજ આ સભાની મુલાકાત લઈ આનંદ પ્રદર્શિત કર્યો હતો.

પ્રો. શ્રી કિતાગાવાના અવસાનથી ભારતીય ન્યાયશાસ્ત્રને એક સહૃદયી અભ્યાસીની ખોટ પડી છે. અમે તમના આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે પ્રાર્થના કરીએ છીએ.

## સ્વર્ગવાસ નોંધ

શાહ મણીલાલ ભગવાનદાસ કાથીવાળા સં. ૨૦૩૨ના પોષ સુદી ૧૩ને ગુરુવાર તા. ૧૫-૧-૭૬ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમે ખૂબ દીલગીરી અનુભવીએ છીએ. તેઓ સ્વભાવે ખૂબ માયાળુ અને ધર્મપ્રેમી હતા, તેઓ આપણી સભાના આજીવન સભ્ય હતા, પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અર્પો એ જ પ્રાર્થીએ છીએ.

## સ્વર્ગવાસ નોંધ

ભાવસાર નાનચંદ ભગવાનદાસ સં. ૨૦૩૨ના તા. ૯-૨-૭૬ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા દીલગીર છીએ. તેઓશ્રી સ્વભાવે મિલનસાર અને ધર્મ પ્રેમી હતા, આ સભાના તેઓ આજીવન સભ્ય હતા. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પો એમ પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# કૌટુંબિક સલામતી...

આપનાં બાળકોના ભાવિની
સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
**દેના બેંક**માં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૫ ટકા.





**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩.

Ratan Batra DB/G/260


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# આપની થાપણ વધતી જ રહે છે
# અમારી પુનઃ રોકાણ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણ યોજનામાં થાપણ પર ૧૭%થી પણ વધારે વળતર શકય છે. તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણ ૧૨૦ માસ માટે મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણ પણ ૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદત માટે સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણ યોજના નીચે રોકવામાં આવે તો સંતાનોના શિક્ષણ, લગ્ન જેવી કૌટુંબિક જવાબદારીઓ અંગે ચિંતા કરવાની જરુર રહેતી નથી. વાસ્તવમાં અમારી પુનઃ રોકાણ યોજના આપ તથા આપના કુટુંબ માટે સુવર્ણમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

વધુ વિગત માટે ખાતું ખોલાવવા માટે નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





શ્રી શત્રુંજય ગિરિરાજ પરની ૫૦૭ જિનબિમ્બોની પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય આચાર્ય શ્રી કસ્તુરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અને શેઠશ્રી કસ્તુરભાઇની ઉપસ્થિતિમાં નીકળેલા ભવ્ય રથયાત્રાના વરઘોડાનું એક દૃશ્ય.

[ ટાઇટલ ૧ તથા ૪ના બ્લોક "સૌરાષ્ટ્ર સમાચાર"ના સૌજન્યથી ]

## ખાસ સૂચના

"આત્માનંદ પ્રકાશ"નો અંક હવે પછીનો ફાગણ-ચૈત્રનો સંયુક્ત અંક મહાવીર જન્મ-કલ્યાણક અંક તરીકે તા. ૬-૪-૭૬ના રોજ પ્રગટ કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી.

10

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only